# બિહાર માટે વધુમાં વધુ ટ્રેનો દોડાવો, જનસંવાદમાં મુસાફરોની મુખ્ય માંગ

**તહેવારોમાં** વતન જવા ટિકિટ મળતી નહીં હોવાની ઉત્તર ભારત સહિતના પરપ્રાંતિય મુસાફરોની ફરિયાદ



સુરતઃ પશ્ચિમ રેલવેના મુંબઈ સર્કલ દ્વારા ચલાવવામાં આવી રહેલા સ્પેશિયલ કેમ્પેઈન 6.0 અંતર્ગત આજે સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર જનસંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અપર સર્કલ રેલ પ્રબંધક યોગેન્દ્ર કુમારે સર્કલના અધિકારીઓ અને સ્ટેશન સ્ટાફ સાથે ઉધના સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 અને બે મહત્વની ટ્રેનો - 19045 સુરત-તાપ્તી ગંગા એક્સપ્રેસ અને 20925 સુરત-અમરાવતી એક્સપ્રેસના તમામ કોચમાં જઈ મુસાફરો સાથે સીધો સંવાદ કર્યો હતો.

## બિહાર રૂટ પર ભારે ભીડ, કાયમી ટ્રેનો વધારવાની માંગ

તાપ્તી ગંગા એક્સપ્રેસના S-3 કોચમાં મુસાફરી કરી રહેલા મુસાફરોએ જણાવ્યું હતું કે સુરતમાં લાખોની સંખ્યામાં બિહારી સમાજ વસે છે. છઠ પૂજા, દિવાળી અને હોળી જેવા તહેવારોમાં ઘરે જવા માટે ટિકિટ મળતી નથી. વેઇટિંગ લિસ્ટ 200 થી 300 સુધી પહોંચી જાય છે અને સ્પેશિયલ ટ્રેનો પણ ઓછી પડે છે. તેથી બિહાર તરફ જવા માટે કાયમી ધોરણે નવી ટ્રેનો શરૂ કરવામાં આવે અને હાલની ટ્રેનોમાં કોચ વધારવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## અન્ય મહત્ત્વનાં ક્યાં ક્યાં સૂચનો કરાયા?

બિહાર ઉપરાંત મુસાફરોએ અન્ય અનેક સૂચનો પણ આપ્યા હતા. B-1 કોચમાં મુસાફરી કરતા છાયા રાયે ટ્રેનોમાં કેટરિંગ અને ખાન-પાન સેવાની ગુણવત્તા સુધારવાની માંગ કરી હતી. B-1 કોચના જ અન્ય મુસાફર ઋષભ રાયે સ્ટેશન પરિસરમાં સક્રિય ટાઉટ્સ અને દલાલોની પ્રવૃત્તિ પર કડક નિયંત્રણ લાવવા સૂચન કર્યું હતું. S-1 કોચમાં મુસાફરી કરતા મુસાફરોએ સૌથી વધુ ફરિયાદ રિઝર્વ્ડ કોચમાં ઘૂસણખોરી અંગે કરી હતી. જ્યારે સંદીપ પ્રજાપતિએ સામાન્ય વર્ગના મુસાફરોની તકલીફ રજૂ કરતા અનરિઝર્વ્ડ કોચની સંખ્યા વધારવા અને સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત ઓછામાં ઓછા 15-20 દિવસ પહેલા કરવા સૂચન કર્યું હતું, વિદ્યાર્થીની અંજનીએ એક નવતર સૂચન આપતા મહિલા વિદ્યાર્થીઓ માટે કોલેજ ID કાર્ડના આધારે અલગ ક્વોટા ફાળવવાની માંગ કરી હતી. રેલવે તંત્રએ તમામ સૂચનોની નોંધ લીધી હતી.

# કાપડ બજારમાં ખાખીના 'ટાઉટો' દ્વારા દિવાળી ટાણે ઉઘરાણી શરૂ

**જાણે** સ્પેશિયલ ટ્રેનિંગ આપી 'તોડ' કરવા મેદાનમાં ઉતાર્યા હોય તેવો ઘાટ

**સલાબતપુરા,** પુણા, સારોલીથી માંડી સચિન સુધી વહીવટદારોનો ત્રાસ

સુરતઃ દિવાળીના તહેવારો ટાણે સુરતના કાપડ બજારમાં વેપાર ઓછો અને ખાખીની 'તોડબાજી' વધુ ચર્ચામાં આવી છે. હવે રોજ નવા-નવા કિસ્સા સામે આવી રહ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે પોલીસ પોતે સીધી સામે આવવાને બદલે પોતાના મળતિયા 'ટાઉટો' (વહીવટદારો/દલાલો)ને આગળ ધરીને ઉઘરાણી કરાવી રહી છે. આ ટાઉટો જે અંદાજમાં બજારમાં ફરીને નાણાં ખંખેરી રહ્યાં છે, તે જોતાં જાણે તેમને ખાસ આ જ કામની 'સ્પેશિયલ ટ્રેનિંગ' આપવામાં આવી હોય તેવો આક્રોશ વેપારી આલમમાં ફાટી નીકળ્યો છે.

રિંગ રોડ, સલાબતપુરા, સારોલી, પુણા, ગોડાદરા તેમજ અલથાણ અને સચિન ઔદ્યોગિક વિસ્તાર સુધી ખાખીના વહીવટદારોનું આખું નેટવર્ક સક્રિય થઈ ચૂક્યું છે. તહેવારોમાં પાર્સલોની હેરાફેરી, ટેમ્પો ટ્રાન્સપોર્ટ અને રોકડની લેવડદેવડ પૂરબહારમાં હોય છે. આ સ્થિતિનો ફાયદો ઉઠાવીને ટાઉટો નાની-નાની વાતોમાં કાયદાનો ડર બતાવી, કેસ કરવાની કે ગાડીઓ ડિટેઈન કરવાની ધમકીઓ આપી 'પતાવટ' માટે દબાણ કરી રહ્યા છે. ટાઉટોની બોલચાલ અને રંજાડવાની પદ્ધતિ જોઈને વેપારીઓ કહી રહ્યા છે કે આ તત્ત્વોને વેપારીઓને કઈ રીતે ડિસ્ટર્બ કરવા અને ક્યાંથી નાણાં કઢાવવા તેની પાકી તાલીમ આપવામાં આવી છે.

## ધંધો કરવો કે આ વહીવટદારોનાં ખિસ્સાં ભરવા? વેપારીઓ લાચાર

મંદીના માર વચ્ચે માંડ દિવાળીની સિઝનમાં બે પૈસા કમાવવાની આશા રાખતા નાના-મોટા વેપારીઓ, જોબવર્કર્સ અને કારખાનેદારો હવે ત્રાહિમામ પોકારી ગયા છે. વેપારના શાંત માહોલને સતત ડિસ્ટર્બ કરીને આ ટાઉટો દ્વારા જે આતંક મચાવવામાં આવી રહ્યો છે, તેનાથી વેપારીઓમાં સીધો સવાલ ઊભો થયો છેઃ "અમે પ્રામાણિકપણે ધંધો કરીએ કે પછી આ ખાખીના ઇશારે નાચતા વહીવટદારોની દિવાળી સુધારીએ?"

## CCTV ફૂટેજની તપાસ થાય તો ૧૦૦ કરોડથી વધુનું ઉઘરાણું બહાર આવે!

બજારની સૌથી કમનસીબ વાસ્તવિકતા એ છે કે વેપારીઓ પોતાની વેદના કોઈને ખુલ્લેઆમ કહી શકતા નથી, કે નથી કોઈની સામે અવાજ ઉઠાવી શકતા. જો ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રામાણિકતા દાખવીને સમગ્ર મામલાની તટસ્થ તપાસ હાથ ધરે, તો કાપડ બજાર અને ઔદ્યોગિક વિસ્તારોમાંથી વાર્ષિક ૧૦૦ કરોડથી પણ વધુ રકમનું થતું મસમોટું ઉઘરાણું અને તેની આખી કાળી કડીઓ સપાટી પર આવી શકે તેમ છે. આ માટે માર્કેટોના એન્ટ્રી પોઈન્ટ્સ, ટ્રાન્સપોર્ટ ગોડાઉનો, ચેકપોસ્ટો અને પોલીસ ચોકીઓ આસપાસના સીસીટીવી કેમેરાનાં ફૂટેજની જો તલસ્પર્શી અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો ખાખીના ઇશારે નાચતા આ ટાઉટો અને વહીવટદારો કઈ રીતે નાણાં ખંખેરી રહ્યા છે તેનો સમગ્ર ભાંડો ફૂટી જાય તેમ છે.

# સંક્ષિપ્ત સમાચાર

## શ્રી કોંજર ગ્રામસ્થ મંડળનો તેજસ્વી વિદ્યાર્થીનો સન્માન સમારોહ રવિવારે

સુરતઃ શ્રી કોંજર ગ્રામસ્થ મંડળ, સુરત, દ્વારા આયોજિત ગ્રામસ્થ મંડળના તેજસ્વી વિદ્યાર્થીઓનો વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નો ૩૦મો વાર્ષિક ગુણ ગૌરવ સમારંભ, રક્તદાન શિબિર, શૈક્ષણિક ડિગ્રી-ડિપ્લોમાં પદવી ધારકો તથા વ્યાવસાયિક પદવી/રજીસ્ટ્રેશન ધારકોનો સન્માન સમારંભ અને વયોવૃદ્ધ સેવાભાવી ગ્રામસ્થ અને મહિલા સન્માન સમારંભના પ્રમુખ અતિથિ સીએ ધર્મેશ ડી. તમાકુવાલા, અતિથિ વિશેષ શ્રી તુષાર આર. ઝાંઝે અને શ્રીમતી કેરૂળ નિકેન વાડકર, સુરત ની હાજરીમાં અલથાણ-ભટાર, SMC કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણ રોડ ખાતે રવિવારે તા.25મીના રોજ સાંજે 4 કલાકે રાખવામાં આવ્યો છે.

## ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિની સભામાં ઉપપ્રમુખ નિતિનભાઈ પાધ્યાનું સન્માન



સુરતઃ શ્રી એકલિંગજી આશ્રમ (ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિની વાડી) ની વાર્ષિક સામાન્ય સભા દશેરાના દિવસે યોજાઈ હતી. સભામાં સંસ્થામાં ઉપપ્રમુખ તરીકે છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમય સુધી નિઃસ્વાર્થ સેવા આપનાર અને વધુ ઉમરને કારણે રાજીનામું આપનાર વડીલ નિતિન પાધ્યાનું સન્માન કરવામાં આવ્યુ હતું. સંસ્થાના પ્રમુખ બાબુ જોષીએ પુષ્પગુચ્છ અને સેક્રેટરી દેવાંગ વૈદ્યે મોમેન્ટોથી તથા ઉપપ્રમુખ પ્રતિક વૈદ્યએ સન્માન પત્રનું વાંચન અને તમામ ટ્રસ્ટીઓએ સન્માન પત્રનું વિમોચન કર્યુ હતું. આવકાર પ્રવચન પ્રમુખ બાબુ જોષી, પ્રવૃત્તિઓનો અહેવાલ સેક્રેટરી દેવાંગ વૈદ્યે રજુ કર્યો હતો. ટ્રેઝરર પ્રેમલ જોષીએ આવક જાવકનો રિપોર્ટ રજૂ કર્યો. આભારવિધિ હેમલે કરી હતી.

## રાષ્ટ્રીય મૂટ કોર્ટ સ્પર્ધામાં જ્યુરી સભ્ય તરીકે CA મિતિષ એસ. મોદીની પસંદગી



સુરતઃ દેશની પ્રતિષ્ઠિત 'પદ્મવિભૂષણ એન.એ. પાલખીવાલા મેમોરિયલ નેશનલ મૂટ કોર્ટ એન્ડ રિસર્ચ પેપર કોમ્પિટિશન 2026'ની પંદરમી આવૃત્તિમાં દક્ષિણ ગુજરાતના CA મિતિષ એસ. મોદીને જ્યુરી સભ્ય તરીકે આમંત્રણ મળ્યું છે. જ્યુરી સભ્ય તરીકે CA મિતિષ મોદી ઓરલ રાઉન્ડમાં વિદ્યાર્થી ટીમોની દલીલો, કાયદાની સમજ, કેસ-લોના ઉપયોગ અને રજૂઆતની શૈલીનું મૂલ્યાંકન કરશે, પ્રશ્નો દ્વારા તેમની તૈયારીની કસોટી કરશે અને પોતાના વ્યાવસાયિક અનુભવના આધારે રચનાત્મક માર્ગદર્શન આપશે. સમગ્ર દેશમાંથી કાયદાની યુનિ./મેનેજમેન્ટના કુલ ૧૦૦ થી પણ વધુ ટીમો ભાગ લેશે અને એક ટીમમાં ત્રણ સ્પર્ધકો રહેશે.

## સુરતમાં 24મીએ વિરાટ હાસ્ય કવિ સંમેલન યોજાશે

સુરતઃ શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટ દ્વારા વેસુ સ્થિત રામલીલા મેદાનમાં વિરાટ હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. શનિવારે સાંજે 7 વાગ્યે યોજાનારા આ કાર્યક્રમમાં દેશના પાંચ જાણીતા કવિઓ હાસ્ય-વ્યંગ્ય અને પેરોડીની રચનાઓ રજૂ કરી શ્રોતાઓને હસાવશે. કવિ સંમેલન સમિતિ ના પ્રભારી કિશન અગ્રવાલે જણાવ્યું હતું કે કાર્યક્રમમાં મુરૈનાના તેજનારાયણ બેચેન, ગ્રેટર નોઈડાના સુદીપ ભોલા, ઉજ્જૈનના દિનેશ દિગ્ગજ, ગાઝિયાબાદના દીપાલી જૈન 'જિયા' અને બેટમા નગરના સંજય ખત્રી ભાગ લેશે. દિનેશ દિગ્ગજ કાર્યક્રમનું સંચાલન કરશે. પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે.

## આજે શક્તિ ઘણી વધી છે, પણ સહન શક્તિ ઘટી છેઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નઝરાના જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં નવપદ ભક્તિ મહોત્સવનો અપૂર્વ માહોલ જામ્યો છે. નવપદના પાંચમા પદમાં બિરાજમાન સાધુ પદનો મહિમા બતાવતા પૂ. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સહન કરે તે સાધુ, સમતા રાખે તે સાધુ અને સહાય કરે તે સાધુ કહેવાય. જીવનમાં ચાર ચીજો સહન કરવાની છે, દુઃખ, સુખ, આક્રોશ અને બીજાનો વિચાર. જો આ ચાર ચીજો સહન કરતાં આજના માણસને આવડી જાય તો જીવનમાં એક પણ સમસ્યા ઉભી ન રહે. આજે શક્તિ ઘણી વધી છે, પણ સહન શક્તિ ઘટી છે. જ્યાં અસહિષ્ણુતા હોય ત્યાં સ્વાર્થ, કુટિલતા અને સ્વચ્છંદતાની એન્ટ્રી થયા વિના રહેતી નથી. સ્વ કે સર્વના જીવનમાં સુખ અને શાંતિનો નાશ કરનારા દોષોમાં ખુંખાર દોષ અસહિષ્ણુતા છે. આખા ય કૌરવકુળમાં અસહિષ્ણુતાએ આગ લગાડવાનું કામ કર્યું છે. આજે પણ લાખો કુટુંબોને અસહિષ્ણુતા નામની આગે કોઈને છોડ્યા નથી.

## મહિલાઓની મહેનતને મળ્યું ઉમિયા પરિવારનું મજબૂત પ્લેટફોર્મ

સુરતઃ ઉમિયા મહિલા મંડળ દ્વારા સોમવારે ઉમિયા ધામ ખાતે મહિલાઓને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કરવાના હેતુથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘર-પરિવારની જવાબદારી સંભાળવાની સાથે પોતાની આવડત અને કૌશલ્યથી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનવા પ્રયાસ કરતી બહેનોને પોતાની હાથે બનાવેલી ચીજવસ્તુઓના વેચાણ માટે ઉમિયા પરિવાર અને ઉમિયા મહિલા મંડળ દ્વારા પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અંદાજે 100 જેટલી બહેનોએ ભાગ લઈ પોતાની બનાવટોનું વેચાણ કર્યું હતું. મહિલાઓની મહેનત અને સાહસને પ્રોત્સાહન આપતા આ પ્રયાસને બહેનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

## એશિયન માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં નવનીત સેલરની પસંદગી



સુરતઃ હરિયાણા ખાતે યોજાયેલી 22મી નેશનલ માસ્ટર ચેમ્પિયનશિપ-2026માં 60થી 64 વર્ષના વયજૂથમાં સુરતના નવનીત સેલરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી આગામી એશિયન માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું છે. બીજી એશિયન માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપ બેંગ્લોર ખાતે યોજાનાર છે, જેમાં તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. નવનીત સેલર અગાઉ 2010માં સ્વીડન ખાતે યોજાયેલી વર્લ્ડ માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપ તથા 2014માં કેનેડા ખાતે યોજાયેલી વર્લ્ડ માસ્ટર સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પણ ભાગ લઈ ચૂક્યા છે. હવે તેઓ ત્રીજી આંતરરાષ્ટ્રીય સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લેશે.

## પાલીગામમાં દશેરાના ભંડારા દરમિયાન મોબાઈલ લૂંટી છરીથી હુમલો

સુરતઃ મૂળ બિહારના અને હાલ પાલીગામ વિષ્ણુનગરમાં રહેતા વેલ્ડિંગ કામ કરતા રાજૂ દેવનાથ ચોરસ્યા મિત્રના કહેવાથી પાલીગામ ભંડારામાં પ્રસાદ લેવા ગયા હતા. ત્યાં હાજર 'સુરજ ઉર્ફે હકલા'એ રાજુના ગળા પર છરી મૂકી ૩૫,૦૦૦નો મોબાઈલ ફોન લૂંટી લીધો હતો. આ અંગે રાજુ પોતાના મિત્ર આકાશ તિવારી સાથે ફોન પરત માંગવા જતાં સંતોષ ચૌહાણે લોખંડની કળચી આકાશના માથામાં ફટકારી હતી અને સુરજે રાજુ પર છરીથી હુમલો કર્યો હતો. આ જીવલેણ હુમલામાં આકાશને માથામાં બે ગંભીર ફ્રેક્ચર થયા છે. સચિન GIDC પોલીસે બંને વિરુદ્ધ લૂંટ તથા હત્યાના પ્રયાસનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સચિનમાં ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારનાર નરાધમ ઝડપાયો

**ઝાડીઓમાં** શૌચક્રિયા પતાવી પરત ફરતી બાળકીને ઉપાડી માર મારી દુષ્કર્મ આચર્યું હતું

સુરતઃ સચિન GIDCમાં આઠ વર્ષની માસૂમ બાળકી સાથે દુષ્કર્મ આચરનાર નરાધમને સચિન GIDC પોલીસ ટીમે ગણતરીના કલાકોમાં પકડી પાડી જેલભેગો કર્યો છે.

ગત તારીખ ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે૮ વર્ષની પીડિત બાળકી ઘર નજીક આવેલી ઝાડીઓમાં લેટરીન કરીને પરત ફરી રહી હતી. તે સમયે આરોપી સર્વેશ રામલખન નિશાદ (ઉં.વ. ૩૪, રહે., જાકીરની ચાલ, તિરૂમાલા સોસાયટી, સચિન GIDC, મૂળ ઉત્તરપ્રદેશ) બાળકીને જબરદસ્તી ઝાડી-ઝાંખરામાં ખેંચી ગયો હતો. ત્યાં બાળકીને તમાચા મારી ઢોર માર માર્યો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બનાવ બાદ આરોપીએ બાળકીને ધમકી આપી હતી કે 'જો આ વાત તારી મમ્મીને કહીશ તો તને જાનથી મારી નાખીશ.' બનાવ અંગેની જાણ થતાં જ સચિન GIDC પોલીસે આરોપી સર્વેશને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ઘટનાના રિકન્સ્ટ્રક્શન વખતે આરોપીની ચાલમાં ફેરફાર દેખાયો

પોલીસ આરોપીને બનાવના સ્થળે લઈ ગઈ હતી, જ્યાં સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. પોલીસની કાર્યવાહી દરમિયાન આરોપીની ચાલમાં ફેરફાર જોવા મળ્યો હતો. ઘટના અંગે પોલીસે સ્થળ પર તપાસ કરી હતી.

# એન્ટી-ડમ્પિંગની તપાસ વખતે PTY/DTYના ભાવો વધ્યા હતા

**મૌખિક** સુનાવણી પહેલાં જ DGTR સમક્ષ ચેમ્બરે સત્તાવાર વિગતો મૂકી

સુરતઃ DGTR દ્વારા PTY/DTYની આયાત પર હાથ ધરાયેલ એન્ટિ-ડમ્પિંગ તપાસ સંદર્ભે મૌખિક સુનાવણી શરૂ થાય એ પૂર્વે ચેમ્બર દ્વારા ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઇલ ઉદ્યોગના હિતમાં સત્તાવાર કાયદાકીય અને આંકડાકીય રજૂઆત સુપરત કરવામાં આવી છે. ચેમ્બરે સ્પષ્ટ કર્યું છે કે, તપાસના સમયગાળા દરમિયાન સ્થાનિક બજારમાં કાચા માલના ઊંચા પ્રીમિયમ અને QCOનાં નિયંત્રણોને લીધે ભાવવધારો થયો હતો, જેને આયાતી માલથી થયેલું કથિત નુકસાન ગણી શકાય નહીં. પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, "DGTR સમક્ષ માંગણીઓમાં તપાસ સમયગાળા દરમિયાન PTA અને MEGના અસાધારણ સ્થાનિક પ્રીમિયમ અને QCOની બજાર પર થયેલી અસરોને રેકોર્ડ પર લેવી, સંકલિત ઉત્પાદકો દ્વારા POYના કેપ્ટિવ ટ્રાન્સફર પ્રાઇસિંગ પદ્ધતિની તટસ્થ ચકાસણી કરવી, આયાતી માલના કારણે કથિત નુકસાન થયું છે કે સ્થાનિક ઊંચા પ્રીમિયમ અને નિયમનોના કારણે ખર્ચ વધ્યો છે તેનો સ્પષ્ટ ભેદ પારખવો, તાર્કિક પુરાવા ન મળે ત્યાં સુધી એન્ટી-ડમ્પિંગ ડ્યુટીની ભલામણ કરવાથી સંપૂર્ણ દૂર રહેવું.

# પાર્લે પોઈન્ટની બુટલેગર અમી શાહનો દારૂ પકડ્યો

**ક્રાઈમ** બ્રાંચે બનાવટી નંબર પ્લેટ સાથેની કારમાંથી રાજસ્થાનના ત્રણ બુટલેગરોને પકડી લીધા

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાંચે વિદેશી દારૂ કરતી રાજસ્થાનની ગેંગના ચાર આરોપીની ધરપકડ કરી છે.

પોલીસથી બચવા લક્ઝુરિયસ ટાટા હેરિયર કાર પર ગુજરાતની બનાવટી નંબર પ્લેટ લગાવીને ફરતા રાજસ્થાનના ત્રણ બુટલેગરો સુરેન્દ્ર ઉર્ફે મિસ્ત્રિ શ્યામલાલ ગુજ્જર, શિશરામ છોટુરામ ગુજ્જર અને અનિલ કુમાર બજરંગલાલ કુમાવતને બુલેટ ટ્રેન ઓવરબ્રિજ પાસેથી ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પૂછપરછમાં મળેલી માહિતીના આધારે પોલીસે ઉમરાના પાર્લે પોઈન્ટ સ્થિત પોશ એપાર્ટમેન્ટ 'નીલકંઠ હાઈટ્સ'માં રેડ પાડી દારૂનો જથ્થો મંગાવનાર મહિલા બુટલેગર અમીબેન પ્રકાશભાઈ શાહને પણ દબોચી લીધી હતી. પોલીસે દારૂની 314 બોટલો સાથે રૂ. ૨૧,૨૬,૦૮૩નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરેન્દ્ર ગુજ્જર અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે, જ્યારે અમી શાહ સામે પણ ઉમરા પોલીસ મથકે ગુનો નોંધાયેલો છે.

# 5માં માળેથી કૂદી પરિણીતાનો આપઘાત પતિ અને સાસરિયા સામે ગુનો નોંધાયો

**'તું** ગમતી નથી, અહીંથી ચાલી જા' કહી ત્રાસ આપતા હોવાનો બહેનનો ગંભીર આક્ષેપ

**અમરોલી** પોલીસે વધુ તપાસ શરૂ કરી

સુરતઃ અમરોલી વિસ્તારમાં એક પરિણીતાએ પોતાના જ ઘરના પાંચમા માળેથી કૂદી પડીને આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસ ફરિયાદમાં દર્શાવેલી વિગતો મુજબ કઠોર ગામે રહેતા ગીતાબેન આશિષભાઈ વઘાસીયાની સૌથી નાની બહેન લક્ષ્મીના લગ્ન આશરે છ વર્ષ પહેલાં અમરોલીમાં સ્વીટ હોમ્સ રેસિડેન્સીમાં રહેતા હાર્દિક અમરશીભાઈ ડોબરીયા સાથે થયા હતા. તેઓને સંતાનમાં ૫ વર્ષની પુત્રી અને ૩ વર્ષનો પુત્ર છે. છેલ્લા છએક મહિનાથી લક્ષ્મીના સાસરી પક્ષના સભ્યો તેને અવારનવાર 'તું ગમતી નથી, અહીંથી ચાલી જા' તેમ કહીને ઢોર માર મારતા હતા.

જે અંગે અગાઉ પરિવારજનો વચ્ચે સમાધાન કરાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. તા. ૧૯ ઓક્ટોબરે સવારે લક્ષ્મીના પતિ હાર્દિકે ગીતાબેનના પતિને ફોન કરીને જણાવ્યું હતું કે લક્ષ્મી પાંચમા માળેથી નીચે પડી ગઈ છે. માહિતી મળતાં જ ગીતાબેન અને તેમના પતિ તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં હાર્દિકે એવું બહાનું બતાવ્યું હતું કે લક્ષ્મી સવારે ગેલેરીમાં કપડાં સૂકવતી વખતે અચાનક નીચે પડી ગઈ હતી. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. મૃતકની બહેન ગીતાબેને આક્ષેપ કર્યો છે કે સાસરિયાઓના સતત ત્રાસ અને માનસિક દબાણથી કંટાળીને જ લક્ષ્મીએ પાંચમા માળેથી કૂદીને આત્મહત્યા કરી છે. ગીતાબેનની ફરિયાદના આધારે અમરોલી પોલીસે પતિ હાર્દિક ડોબરીયા, સસરા અમરશી, જેઠ પીયુષ, જેઠાણી જાનવીબેન તથા મામાના દીકરા જયદીપ સામે ગુનો દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ૧.૫૪ કરોડની છેતરપિંડીમાં દિલ્હીની બે મહિલાની ધરપકડ

સુરતઃ સારોલીના મહિલા કાપડ વેપારી સાથે ૧.૫૪ કરોડની છેતરપિંડીમાં ખુલ્લર એપર્લ્સ પ્રા.લિ. કંપનીની કાંતા ઉર્ફે કાંતા વિજય ભગવાનસ્વરૂપ ખુલ્લર (ઉં.વ. ૭૧, એ-૫-બી, ઘર નં. ૨, શાંતિકુંજ એપાર્ટમેન્ટ, નવી દિલ્હી) અને જ્યોતિ મનિષ પારૂથી (ઉં.વ. ૪૦, રહે., એફ-૬૬-૬૭, શિવાજી એન્કલેવ, નવી દિલ્હી) આગોતરા જામીન સાથે ઈકોનોમી સેલમાં હાજર થતાં પોલીસે બંનેની ધરપકડ કરી જામીન પર મુક્ત કર્યાં હતાં.


## નિવિદા નં.૦૬ સને ૨૦૨૬-૨૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત (મા અને મ) પેટા વિભાગ નં.૨, સુરત દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત. ફોન નંબર : ૨૪૬૩૦૪૬ સુરત હસ્તકના મકાન મરામતના કામો નંગ-૧૦ જેની અંદાજી કિંમત રૂા. ૩.૦૦ લાખ સુધીની છે. જેના ઈ૧ કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ફી ભર્યેથી આપવાની છેલ્લી તા.૨૭/૧૦/૨૦૨૬ બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ ભરેલા ટેન્ડર આર.પી.એ.ડી. થી સ્વીકારવાની છેલ્લી તા. ૦૨/૧૧/૨૦૨૬ રહેશે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. બાનાની રકમ વિનાના, શરતી તેમજ મુદત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

ક્રમાંક . માહિતી-સૂરત/૭૮૪/૨૦૨૬

## જાહેર નોટીસ

નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા)
(આખરી યોજનાની કામચલાઉ મુલ્યાંકન દરખાસ્ત અંગે)

નગર રચના યોજના નં.૫૨(સણીયાહેમાદ-કોસમાડા-છેડછા) સુરતની પ્રારંભિક યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ છે. સદર યોજનાને અંતિમ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. આ યોજના વિસ્તારમાં મોજેઃસાણીયાહેમાદના બ્લોક નં.૪૮/બી/પૈકી, ૪૮/સી/પૈકી, ૫૦, ૫૬, ૫૭, ૫૮, ૫૯/એ, ૫૯/બી, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬/પૈકી, ૬૭/બી/પૈકી, ૭૫/પૈકી, ૭૬, ૭૭/એ, ૭૭/બી, ૭૭/સી, ૭૮, ૭૯, ૮૦/એ, ૮૦/બી, ૮૧, ૮૨, ૮૩, ૮૪/એ, ૮૪/બી, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૧૧૪/પૈકી+૧૧૪/પૈકી, ૧૧૫/પૈકી, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦/એ, ૧૨૦/બી, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭/એ+૧૨૭/બી, ૧૨૮/પૈકી, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨/પૈકી, ૧૩૪/પૈકી, ૧૩૫/પૈકી, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧/એ, ૧૪૧/બી, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪/એ, ૧૫૪/બી, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮,૧૫૯/પૈકી, ૧૬૦/પૈકી, ૧૬૧, ૧૬૨/એ, ૧૬૨/બી, ૧૬૩/પૈકી, ૧૬૪/પૈકી. મોજેઃકોસમાડાના બ્લોક નં.૨૩૪/પૈકી, ૨૩૫/પૈકી,૨૩૭/એ, ૨૩૭/સી/પૈકી, ૨૩૮/એ, ૨૩૮/સી, ૨૩૯/એ, ૨૪૦/એ,૨૪૦/સી, ૨૪૧/એ/૧, ૨૪૧/બી, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩/એ, ૨૫૩/બી, ૨૫૪, ૨૫૫, ૨૫૬/એ/પૈકી, ૨૬૯/પૈકી, ૨૭૦, ૨૭૧/એ/પૈકી, ૨૭૧/બી/પૈકી, ૨૭૨, ૨૭૩, ૨૭૪/૨, ૨૭૪/૩, ૨૭૪/૧, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૮૪/બી, ૨૮૨/બી/પૈકી, ૨૮૬, ૨૮૭/પૈકી, ૨૮૭/પૈકી, ૨૮૯/પૈકી, ૨૯૦/પૈકી મોજેઃછેડછાના બ્લોક નં.૧૬/એ, ૧૭/એ+૧૭/બી, ૧૮/એ, ૧૯, ૨૦/એ/૧, ૨૦/એ/૩,૨૦/બી/૧, ૨૦/બી/૩, ૨૧/એ/૧, ૨૧/બી, ૨૨, ૨૩, ૨૪/એ/પૈકી, ૨૪/એ/પૈકી, ૨૪/બી, ૨૫/પૈકી, ૨૯/પૈકી, ૩૦/પૈકી, ૩૧/એ/પૈકી તથા ખાડી, કેનાલ, મારગ તથા ભારતીય રેલ્વે (મોજેઃકોસમાડા ના બ્લોક નં.૨૩૭/બી, ૨૩૮/બી, ૨૩૯/બી, ૨૪૦/બી, ૨૪૧/એ/૨, ૨૫૬/બી/પૈકી, મારગ તથા મોજેઃછેડછા ના બ્લોક નં.૧૬/બી, ૧૮/બી, ૨૦/એ/૨, ૨૦/બી/૨, ૨૧/એ/૨, ૩૧/બી, મારગ) વાળી જમીનનો સમાવેશ થાય છે.

પ્રારંભિક યોજનાના અનુસંધાને રજુ થયેલ વિગતો દસ્તાવેજો/પુરાવા ધ્યાનમાં લઇ તેમજ નગર રચના યોજના થવાથી યોજના વિસ્તારમાં ખંડની કિંમત ઉપર જે અસર પડશે અને સંબધિત ખંડને જે લાભ મળશે તે વિચારી મૂળખંડની કિંમતનો દર તેની સામે ફાળવેલ આખરીખંડની અવિકસિત અને વિકસિત કિંમતના દરો તેમજ યોજનાની અસર પામતા બાંધકામોના વળતરની કિંમત અંગે સુચિત દરખાસ્તો ઘડવામાં આવેલ છે.આ બાબતે સંબંધિત જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને લેખિત નોટીસથી જાણ કરી તા.૨૧/૧૦/૨૦૨૬ અને તા.૨૨/૧૦/૨૦૨૬ ના રોજ રૂબરૂ સુનવણી યોજવામાં આવેલ. તેમ છતાં તેઓના ખરા સરનામાંના અભાવે અથવા અન્ય કારણોસર નોટીસ બજેલ ના હોય અથવા રૂબરૂ સુનવણીમાં હાજર રહી શકેલ ન હોય તો તે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની દિન-૦૭ માં અત્રેની કચેરીએ તૈયાર કરેલ આખરી યોજનાની દરખાસ્તોની વિગતો સમજી લઇને ઉપરોક્ત સૂચિત કિંમતના દરો/બાંધકામ વળતર અંગેની રજૂઆત જરૂરી દસ્તાવેજો, આધાર-પુરાવાઓ સહ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન લેખિતમાં નીચે સહિ કરનાર અધિકારી સમક્ષ રૂબરૂ કે અધિકૃત પ્રતિનિધિ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

સ્થળઃ સુરત
તા.૨૨/૧૦/૨૦૨૬ (સહી/-)
કચેરીનું સરનામુંઃ- (કે.ડી.પટેલ)
સુરત નગર રચના યોજના એકમ-૧, નગર રચના અધિકારી અને
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, પ્રવર નગર નિયોજક,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે, સુરત નગર રચના યોજના એકમ-૧,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭, સુરત.
Email:stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંકઃમાહિતી-સૂરત/૭૮૭/૨૦૨૬